જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા. ૮/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>     <u>સમાચાર યાદી નં.૯૨૪/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૧૫૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૪૯ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૮ બિયર ટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>     <u>સમાચાર યાદી નં.૯૨૫/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>અપહરણઃ-</u>     <u>સમાચાર યાદી નં.૯૨૬/૧૫</u>

ચાંદખેડા : જબ્બરસિંગ પુખરાજસિંગ રાજપુરોહિત (રહે, સિગ્મા ફ્લેટ, સર્વોત્તમનગરની પાસે, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૫/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર વિપુલ (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

સાબરમતી : બહાદુરભાઇ ચંદુભાઇ બાટી (રહે,ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ જવાના રોડ ઉપર આવેલ, કાકુભાઇ ઠાકોરનાં બોર ઉપર, ત્રાગડ ગામની સીમમાં, સાબરમતી) એ તા.૭/૫/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૪/૧૫ નાં કલાક ૪/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાની પુત્રી લાલી (ઉ.વ.૧૩) ને કોઇ અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.એસ.ચૌધરી ચલાવે છે.

દુષ્પ્રેરણ :- સમાચાર યાદી નં.૯૨૭/૧૫

શહેરકોટડા : વર્ષાબહેન રવિન્દ્રભાઇ ટેભુરકર (રહે,બાઇજીવીની ચાલી, વોરાના રોજા પાસે, સરસપુર) એ તા.૭/૫/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી વૃષિકા ઉર્ફે રીન્કુ (ઉ.વ.૧૩) એ પોતાની સાથે પ્રેમસબંધ રાખનાર આરોપી યોગેશ મહેન્દ્રભાઇ ગણવીર (ઉ.વ.૨૨) (રહે.ભવાનીનગર ટેકરા, ઓઢવ)નાએ કોઇ અન્ય છોકરી સાથે લગ્ન કરી લેતાં, વૃષિકા ને મનમાં લાગી આવતાં તા.૨૨/૪/૧૫ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે વૃષિકાએ ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

ઉપરોકત ગુનાંના કામે આરોપી યોગેશ મહેન્દ્રભાઇ ગણવીરનાને તા.૭/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગે અટક કરેલ છે.

છેતરપીંડી :- સમાચાર યાદી નં.૯૨૮/૧૫

નરોડા : રાજેશભાઇ તખાજી ઠાકોર (રહે.મફતનગરનાં છાપરાં, નરોડા બેઠક સામે, નરોડા) એ તા.૭/૫/૧૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૯ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન જનરલ મેનેજર પરવાસચંદ રામાચંદ રાઉત (ધી ઓસ્કાર કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ એસ/૧૮, અનુપમ એમિનીટી સેંટર, ઉધના બસ ડેપો, સુરત)(રહે.આઇ.આર.સી. ગામ: નેપાલી ભુવનેશ્વર જી.કુરધા (ઓરીસ્સા)) તથા તેમની ટીમના એરીયા મેનેજર તથા બ્રાંચ મેનેજર મળી કુલ નવ (૯) આરોપીઓએ ભેગામળી નરોડા બેઠક પાસે આવેલ, ઉર્વી કોમ્પલેક્ષમાં ઓફીસ ખોલી રાજેશભાઇને તથા નરોડા વિસ્તારનાં અલગ-અલગ ૭૦ થી ૮૦ સાહેદોને વિશ્વાસમાં લઇ, “જુદી-જુદી સ્કીમોમાં સારા પૈસા મળશે” તેવી જાહેરાત કરી, વ્યાજની લોભામણી સ્કીમો મુકી, રાજેશભાઇ પાસે કુલ રૂપિયા ૧૭,૩૦૦/- તેમજ અન્ય સાહેદો પાસેથી આશરે ૯ થી ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કરાવી, સ્કીમ મુજબ રૂપિયા પરત નહીં કરી, રાજેશભાઇ અને અન્ય સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.અસારી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયા:- સમાચાર યાદી નં.૯૨૯/૧૫

નરોડા : ચંદ્રીકાબહેન સાગરભાઇ પટણી (રહે, અભિલાશા સોસાયટી, કાન્દીવલી, અતુલ ટાવર વેસ્ટ, મુંબઇ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૫/૧૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પાર્શ્વનાથ કેનાલથી નાકોડાની ગલી તરફ ચાલતાં પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચંદ્રીકાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

ઘાટલોડીયા : ભાવનાબેન પંકજભાઇ પરમાર (રહે,ગોકુલ ફ્લેટ, સમર્થ સોસાયટી પાસે, મેમનગર તળાવ પાસે, મેમનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૫/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સ્વામીનારાયણ બાગ ગેટ સામેથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) ભાવનાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

બાપુનગર : લીલાબેન ગોવીંદભાઈ ઝાલાવાડીયા (ઉ.વ.૫૩) (રહે,મણીનગર સોસાયટી, એ.કે.રોડ, વરાછા સુરત શહેર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૫/૧૫ સવારના ૪/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર જય સોમનાથ સોસાયટી મકાન નંબર સી/૪૧ સામેથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ વર્ષના આશરાનાં) લીલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૩૦/૧૫</u>

વસ્ત્રાપુર : નીશીથભાઈ ભુપતભાઈ સંઘવી (રહે, "ડી" ટાઈપ, આઠમોમાળ, સરકારી વસાહત, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૫/૧૫ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાન તેમજ પડોશીનાં મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

ચાંદખેડા : વિરબાલાબહેન મણીલાલ બેન્કર (રહે.શ્રધ્ધા બંગ્લોઝ, પંજાબ નેશનલ બેંકની સામે, મોટેરા) એ તા.૭/૫/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૪/૧૫ સવારના ૫/૩૦ થી તા.૭/૫/૧૫ ના કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીનાં લોકરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૭,૮૩૨/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.એસ.ચૌધરી ચલાવે છે.

મણીનગર : પરેશભાઈ હસમુખભાઇ મિસ્ત્રી (રહે.ગઢવાલ એપાર્ટમેન્ટ, તોરણ એપાર્ટમેન્ટની બાજુમાં, ઉત્તમનગર, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૫/૧૫ રાતના ૧૧/૪૫ થી તા.૭/૫/૧૫ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળી તથા તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

આનંદનગર : નિલેશભાઈ રજનીકાંતભાઇ શાહ (રહે.રાજુલ ટાવર ગ્લોરીયા રેસ્ટોરન્ટ પાસે, પ્રેરણાતીર્થ રોડ, આનંદનગર) એ તા.૭/૫/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૪/૧૫ સાંજના ૭/૪૫ થી તા.૨૫/૪/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની વર્જ વિહાર ખાતે આવેલ એક્વા બ્લુ નામની દુકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી જુદી-જુદી કંપનીના નળ કુલ નંગ-૪૮ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

રામોલ : રમેશભાઈ ધીરૂભાઇ પોપટાની (રહે.કામધેનુ પાર્ક સોસાયટી, મોટી કેનાલ રોડ, હરીદર્શન પાર્કની સામે, ન્યુ આર.ટી.ઓ., વસ્ત્રાલ) એ તા.૭/૫/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૫/૧૫ રાતના ૧૦/૪૫ થી ૧૧/૩૫ વાગ્યા દરમ્યાન પોતાના ગાયત્રી મંદીર પાસે, મુખી એસ્ટેટ ખાતે આવેલ રૂદ્રા એક્સોઝન ટેકનીક નામના કારખાનાનાં શટરને બેન્ડ કરી, ત્રણ અજાણ્યા પુરૂષ કારખાનામાં પ્રવેશ કરી, કારખાનામાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/-, કોમ્પ્યુટર, ડી.વી.આર. તથા અન્ય ચીજવસ્તુ કિંમત રૂપિયા ૧,૨૨,૫૦૦/- અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

<u>ગાડીનો કાચ તોડી ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૩૧/૧૫</u>

વસ્ત્રાપુર : વીનયભાઈ રાજેન્દ્રપ્રસાદ અગ્રવાલ (રહે, વસ્તુ નીર્માણ સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર) એ તા.૭/૫/૧૫ નારોજ સાલ હોસ્પીટલ યુનીયનબેંકના એ.ટી.એમ.સામે પોતાની કાર પાર્ક કરી મુકી હતી. જે કારનો કાચ તોડી, કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૯૦,૦૦૦/-, કાળા કલરની બેગમાં મુકેલ લેપટોપ, સોની કંપનીની ૫૦૦ જી.બી.ની હાર્ડડીસ્ક તથા ત્રણ પેન ડ્રાઈવ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયતીલાલ મણીલાલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૩૨/૧૫</u>

માધવપુરા : વિજયભાઇ મનુભાઇ પ્રજાપતિ(ઉ.વ.૨૦)(રહે.સ્વામીનારાયણની ચાલી, મોજડી બજાર, માધવપુરા) એ કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે તા.૫/૫/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાની જાતે ઉધય મારવાની દવા પી જતાં શરીરે અસર થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૫/૧૫ નાં કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જશવંતસિંહ બળદેવસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.